ગાંધીનગરની જનતા ઉત્સવપ્રિય જનતા છે. દરેક તહેવાર અહીં પરંપરાગત રીતે અને ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવે છે. એમાંય ધાર્મિક તહેવાર હોય પછી તો પૂછવું જ શું ! નગરના વિવિધ સેક્ટર્સની માફક સેક્ટર-૩ બીમાં પણ પરંપરાગત રીતે ગરબા મહોત્સવ યોજવામાં આવે છે, જેમાં પરંપરાગત વસ્ત્રો પહેરીને નાના-મોટા સૌ વસાહતીઓ ઉત્સાહપૂર્વક જગતજનનીની આ અનોખી ભક્તિમાં જોડાય છે. (તસવીર : દિપક જાની)

જિલ્લા ગરબા સ્પર્ધામાં મલ્હાર ગૃપ પ્રથમ સ્થાને

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા રાસ-ગરબા સ્પર્ધા-૨૦૧૨ અંતર્ગત પ્રાચીન અને અર્વાચીન ગરબાની સ્પર્ધામાં ગાંધીનગર શહેરના મલ્હાર ગૃપે પ્રથમ ક્રમાંક મેળવ્યો છે.

ઉલ્લેખનીય છે કે આ વખતે રાસની સ્પર્ધા માટે જિલ્લા કક્ષાએથી કોઈ પણ સ્પર્ધકને એન્ટ્રી મળી ન હતી. પ્રાચીન અને અર્વાચીન ગરબામાં પણ બે જ એન્ટ્રી મળી હતી, જેમાં મલ્હાર ગૃપને પ્રથમ સ્થાન મળ્યું છે. જિલ્લા કક્ષાએ વિજેતા થતાં મલ્હાર ગૃપને રાજ્ય કક્ષાની સ્પર્ધામાં જવાનો મોકો મળ્યો છે.

આવતીકાલે વાઈબ્રન્ટ નવરાત્રી અંતર્ગત અમદાવાદ ખાતે આયોજિત રાજ્ય કક્ષાની સ્પર્ધામાં મલ્હાર ગૃપના ખેલૈયાઓ ભાગ લેશે. નગરની કલાપ્રેમી સંસ્થાઓ તરફથી મલ્હાર ગૃપને શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

પાર્ટ ટાઈમ કર્મચારીઓને નિયમિત કરવા માંગણી

ગાંધીનગર, તા. ૨૦

રાજ્યમાં આશરે ૧૪૦૦૦ જગ્યાઓ ખાલી છે. જેમાં વર્ગ-૩-૪ની ખૂબ જ જગ્યાઓ ખાલી છે. પાર્ટ ટાઈમમાં કેટલાક ગરીબ ઘરના લોકો કામ કરે છે. પરંતુ આ કર્મચારીઓને કર્મચારીઓને રેગ્યુલર ભરતી કરવી જોઈએ. તેવી ગુજરાત રાજ્ય પાર્ટ ટાઈમ કર્મચારી મંડળનાં સંગઠન મંત્રી સી.એમ. પરમારે મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી સમક્ષ માગણી કરેલ છે.

મોઢાના કેન્સર અને સ્તન કેન્સર અંગે નિ:શુલ્ક નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગર મેઈન અને જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગર સાહેલીના સંયુક્ત ઉપક્રમે મોંઢાનું કેન્સર અને સ્તન કેન્સર અંગેનો મફત નિદાન કેમ્પ તા. ૨૬મી ઓક્ટોબર-૨૦૧૨ને શુક્રવારે સવારે ૯ થી ૧ કલાક દરમિયાન બલરામ ભવન, ઉમિયા માતાજીના મંદિર પાસે, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે યોજાશે.

મોંઢાની અંદરના ભાગ કે જીભ પર ગાંઠ અથવા ચાંદા પડવાં, દાંત ઢીલા થવા, મોંઢામાં સફેદ અથવા લાલ દાગ દેખાવા, ગળામાં ગાંઠ દેખાવી, ખાવા પીવાનું ગળામાં અટકી જવું, અવાજમાં ફેરબદલ થવો, ખોરાક લેતી વખતે દુઃખાવો થવો કે લોહી નિકળવું, મહિલાઓના સ્તન-નાની બીન દુઃખાવાની ગાંઠ, સ્તન પર સોજો આવવો, ડીંટડીનું અંદરની બાજુ ખેંચાઈ જવું, સ્તનનો આકાર બદલાઈ જવો તથા ચામડી ખરબચડી થવી, ડીંટડીમાંથી લોહી નીકળવું, માતા અથવા બહેનને સ્તન કેન્સર હોય, નાની ૧૨ વર્ષની ઉમરે માસિકની શરૂઆત, મોટી ઉંમરે ૫૦ વર્ષે ૨ જો નિવૃત્ત તથા મોટી ઉંમરે પ્રથમ પ્રસુતિ વગેરે પ્રારંભિક લક્ષણોવાળી બહેન દર્દીઓનું નિદાન થશે. મોઢાંના કે સ્તનના પ્રાથમિક લાક્ષણોવાળા દર્દીઓએ જ વહેલા તે પહેલાનાં ધોરણે પોતાનું રજીસ્ટ્રેશન એબલ મેડીકલ સ્ટોર્સ, સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે અગાઉથી નોંધાવવા ગૃપના પ્રમુખ સાંકાભાઈ પટેલે ખાસ જણાવ્યું છે. આ નિઃશુલ્ક કેમ્પમાં એપોલોહોસ્પિટલના મોંઢાના કેન્સરના નિષ્ણાંત કેન્સર સર્જન ડૉ. વિશાલ ચોકસી અને સ્તન કેન્સર સર્જરીના નિષ્ણાત ડૉ. અનઘા ઝોપે સેવાઓ આપશે.

જૂના સેકટરોમાં દિવાળીથી પાણીનો ફોર્સ વધશે : કોમન સપ્લાય અપાશે

આગામી મહીનાથી એક જ સમયે પાણી આપવા વિચારણા

ગાંધીનગર, તા.૨૦

શહેરમાં આગામી તા. ૧ નવેમ્બરથી જૂના સેકટરોમાં એક જ સમયે પાણી આપવામાં આવશે. ચરેડી ટાંકી અને પમ્પીંગ સ્ટેશનું કામ પૂર્ણ થયા બાદ જૂન સેકટરમાં બે ઝોનમાં ગોઠવાયેલી પાણી વિતરણ વ્યવસ્થાના બદલે હવે સવારે કોમન સપ્લાય અપાશે. દિવાળીના તહેવાર ટાણે સેકટરમાં પાણીનો ફોર્સ પણ વધશે.

શહેરના જૂના અને નવા સેકટરોમાં હાલની સ્થિતિએ બે ઝોનમાં જુદા જુદા સમયે પાણીનો સપ્લાય આપવામાં આવે છે. જેમાં જુના સેકટરોમાં સવારે અને સાંજે પાણી પુરવઠો આપવામાં આવે છે.

સમગ્ર શહેરમાં પાણી વિતરણ વ્યવસ્તા અપગ્રેડ કરવાની કામગીરી પૂર્ણતાના આરે છે. જેમાં સે-૧ થી ૧૩માં પણ પાણીનો ફોર્સ વધે તે મુજબ નવીન ટાંકી બનાવવા ઉપરાંત પાઈપલાઈનનું કામ હાથ ધરાયું છે. બીજી તરફ જૂના સેકટરોમાં વસતીને અનુલક્ષી પાણીની જરુરિયાતને પહોંચી વળવા ચરેડીમાં પાણીની નવી ટાંકી અને પમ્પીંગ સ્ટેશનનું કામ પૂર્ણ કરી દેવાયું છે. જેના અંતે તંત્ર કક્ષાએથી નવીન ટાંકીની ટ્રાયલ પ્રક્રીયા પણ પૂર્ણ થતા હવે જૂન સેકટરમાં કોમન સપ્લાયથી પાણી આપવાનું આયોજન આખરી કરી દેવાયું છે. હાલ જૂના સેકટરોમાં સવાર અને સાંજે એમ બે ભાગમાં પાણીનો સપ્લાય આપવામાં આવ છે. જયારે ચરેડી ટાંકી તૈયાર થઈ જતા આગામી મહીનાથી સેકટરોમાં એક જ સમયે કોમન સપ્લાય અપાશે. આગામી તા. ૧ નવેમ્બરથી જૂના સેકટરમાં પાણી વિતરણનો સમય બદલાય તેમ છે. ત્યારે આ દિવસથી જ સવારે પાણીનો કોમન સપ્લાય આપવાની વિચારણા હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં ચૂંટણી વ્યવસ્થા અંગેની સમીક્ષા બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી ૨૦૧૨ને અનુલક્ષીને આજરોજ જિલ્લા ચૂંટણી અધિકારી પી. સ્વરૂપના અધ્યક્ષ સ્થાને ચૂંટણીની કામગીરી શાંતિપૂર્વક પૂર્ણ થાય તે માટે કરવામાં આવલી કામગીરીની સમીક્ષા બેઠક જિલ્લા સેવા સદન ખાતે મળી હતી.

આ બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારી પી. સ્વરૂપે જિલ્લામાં આદર્શ આચાર સંહિતાની અમલવારી અને સમગ્ર ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તેવી તકેદારી રાખવા અને મતદાર યાદી સુધારણા કાર્યક્રમને સફળ બનાવવા ઉપર ખાસ ભાર મુકયો હતો.

જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ ૩૪-દહેગામ, ૩૫-ગાંધીનગર (દ) ૩૬-ગાંધીનગર (ઉ), ૩૭-માણસા અને ૩૮-કલોલ વિધાનસભા મતદાર વિભાગની સામાન્ય ચૂંટણી માટેના પોલીસ બંદોબસ્ત, સ્ટાફની ઉપલબ્ધિ અને તેની ડેટા એન્ટ્રી તેમજ પોસ્ટલ બેલેટ પેપરથી મતદાન કરાવવા અંગેની વ્યવસ્થા, વાહન વ્યવસ્થા તથા વાહનો રીકવિઝીશનની કામગીરી, કોમ્યુનિકેશન પ્લાન, ફોટો વોટર સ્લીપ, સ્લીપ, મત ગણતરી કેન્દ્રો, ચૂંટણી પછી ઈ.વી.એમ. મુકવાની વ્યવસ્થાની, મતદાનના દિવસની વ્યવસ્થા, વેબકાસ્ટીંગ વ્યવસ્થા, ચૂંટણી વ્યવસ્થા અને તાલીમ અને ઈવીએમ ફર્સ્ટ લેવલ ચેકીંગની સ્થિતિ અંગે વિગતો સંબંધિત અધિકારીશ્રીઓ પાસેથી મેળવી હતી.

આ બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારી પી. સ્વરૂપે તંત્ર દ્વારા મતદાર સ્લીપ ઘેર ઘેર પહોંચાડવાની સુચારું વ્યવસ્થા મતદારોમાં મતદાનની જાગૃતિ લાવવા અંગે હાથ ધરાયેલ આયોજન અને કાર્યવાહીની માહિતી મેળવી મતદારોમાં જાગૃતિ આવે તેવા ઉમદા આશયથી રેલી, બેનર થકી પ્રચાર કરવાની કામગીરી ઉપર પણ ખાસ ધ્યાન આપવા જણાવ્યું હતું.

ગાંધીનગર જિલ્લા પોલીસ વડા શરદ સિંઘલ, અધિક નિવાસી કલેકટર એમ.ડી. મોડીયા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી આઈ.આર. મનસુરી સહિત વિવિધ ટીમના નોડલ ઓફિસરો ઉપસ્થિત રહ્યા હતાં.

આજે સે-૭-એમાં આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના જાણીતા વકીલ અને સમાજ સેવક અશોકભાઈ પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આજે તા. ૨૧મી ઓક્ટોબર-૨૦૧૨ને રવિવારે પ્લોટ નં. ૨૭૫/૨, સેક્ટર-૭-એ, ગાંધીનગર ખાતે નવરાત્રીના પવિત્ર દિવસે બપોરે ૧ થી ૪ કલાકે આનંદનો ગરબો ભાવનાબેન ગોકલાણી કરાવશે. નગરના દરેક ભક્તજનોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા આયોજકો દ્વારા ખાસ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં નશાબંધી સપ્તાહની થયેલી ઉજવણી

ગાંધીનગર, તા.૨૦

મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ ૨જી ઓકટોબરથી ૮મી ઓકટોબર દરમિયાન ગાંધીનગર જિલ્લામાં વિવિધ શૈક્ષણિક સ્વૈચ્છિક ધાર્મિક, સામાજિક સંસ્થાઓના સહયોગથી નશાબંધી સપ્તાહ ઉજવવામાં આવ્યો હતો.

નશાબંધી સપ્તાહનું ઉદઘાટન માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર અડાલજ ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એમ.ડી. મીના એડીશનલ ડી.જી.પી. ગુજરાત, અતિથિ વિશેષ તરીકે બી.એસ. વસાવા, પોલીસ અધિક્ષક, માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર અડાલજના નિયામક દલપતભાઈ પઢિયાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સપ્તાહ દરમિયાન વિવિધ સંસ્થાઓ દ્વારા વકતૃત્વ સ્પર્ધા, ગરબા, નશાબંધી નાટક, અભિનય ગીત રજૂ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ઉત્તીર્ણ થનાર પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરને ઈનામ આપવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં ભાગ લેનારને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યા હતા. નશાબંધી કાર્યક્રમ દરમિયાન તમાકુ, બીડી, સિગારેટ, દારૂના ફલાઈટ શો બતાવવામાં આવ્યા હતા. આશિષભાઈ સોનીએ નશાકારક દ્રવ્યોથી થતા રોગો અંગે વિસ્તૃત સમજ આપી હતી.

કે.કે. પટેલ વિદ્યાલયની 'ટેલિમેડીસીન' કૃતિની જિલ્લા કક્ષા માટે પસંદગી

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લાના કોલવડા મુકામે આવલી કે.કે. પટેલ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ તાજેતરમાં ગાંધીનગર જિલ્લાના એસ.વી.એસ. કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લીધો હતો. ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં કે.કે. પટેલ શાળાની 'ટેલિમેડીસીન' કૃતિ જિલ્લા કક્ષા માટે પસંદગી પામી હતી.

જિલ્લાના એસ.વી.એસ. કક્ષાના ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં કે.કે. પટેલ વિદ્યાલયના મિતેશસિંહ વાઘેલા અને અંકિતકુમાર પરમારે વિજ્ઞાન શિક્ષક નારાયણભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ 'ટેલિમેડીસીન' કૃતિ રજૂ કરી હતી. ગણિત વિજ્ઞાન પ્રદર્શનના વિભાગ ૪માં ઊર્જા ટેકનોલોજીમાં કે.કે. પટેલ વિદ્યાલયની કૃતિ 'ટેલિ મેડીસીન' જિલ્લા કક્ષા માટે પસંદગી પામી છે. શાળાના આચાર્યા ભાવનાબેન વાઘેલા અને શાળા પરીવારે વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા અને આગામી સ્પર્ધામાં શુભેચ્છા પાઠવી હતી.

આંતર વિભાગીય ક્રિકેટ સ્પર્ધામાં માર્ગ અને મકાન વિભાગનો ૭ વિકેટે વિજય

ગાંધીનગર, તા. ૨૦

આંતર વિભાગીય ક્રિકેટ સ્પર્ધા વર્ષ-૨૦૧૨-૧૩ અંતર્ગત તાજેતરમાં માર્ગ અને મકાન વિભાગ તેમજ સામાજિક ન્યાય અને અધિકારીના વિભાગ વચ્ચે મેચ યોજાઈ હતી. સ્પર્ધામાં માર્ગ અને મકાન વિભાગનો ૭ વિકેટે વિજય થયો હતો.

માર્ગ અને મકાન વિભાગ તથા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ વચ્ચે યોજાયેલી ક્રિકેટ મેચમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગે ૧૨૦ રન કરી ઓલઆઉટ થઈ હતી. રમેશ ચૌધરીએ ૨૦ રન, ઈમ્તીયાઝ ઘાંચીએ ૨૦, સંજય વંકાણીએ ૨૬ રનમાં ૩, મુકેશ સોલંકીએ ૧૪ રનમાં ૩ વિકેટ લીધી હતી. માર્ગ અને મકાન વિભાગની ટીમે ૧૨૩ રન ૨૦.૩ ઓવરમાં કરીને વિજય પ્રાપ્ત કર્યો હતો. મેઘરાજસિંહ ૨૪ રને નોટ આઉટ અને સંજય વંકાણી ૫૪ રને નોટઆઉટ સાથે મેન ઓફ ધ મેચ બન્યો હતો.

નવરાત્રી દરમિયાન દત્ત મંદિરે યોજાઈ રહેલો અવધૂતી આનંદના ભજનોનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૦

શ્રીરંગ અવધૂત પરિવાર ગાંધીનગર દ્વારા સેક્ટર-૨૮ દત્ત મંદિર ખાતે નવરાત્રી મહોત્સવ નિમિત્તે દર સાલની જેમ પરમ પૂજ્ય શ્રી રંગ અવધૂત મહારાજ રચિત અવધૂતી આનંદના ભજનો ગાઈને રાત્રીના ૮.૧૦ થી ૧૦ કલાક સુધી નવરાત્રી મહોત્સવ ઉજવાઈ રહ્યો છે.

અવધૂતી આનંદના ભજનો પર જિતેન્દ્ર રાવ, હરિહોમ વ્યામ, અશોકભાઈ પટેલ, મહેશભાઈ ત્રિવેદી, અંબાલાલ પટેલ, ભગવતીબેન પટેલ વગેરે ગાયકો દ્વારા રમઝટ જામે છે. સેક્ટર-૨૮ના વસાહતી ભાઈ બહેનોની વિશિષ્ટતા એ છે કે પ્રથમ ગુરુ મહારાજના સ્થાનમાં ગરબા ગાઈને પ.પૂ. શ્રી રંગ અવધૂત મહારાજના આશીર્વાદ લઈને સેક્ટર-૨૮ના મા અંબાજીના ચોકમાં ગરબા શરૂ કરવામાં આવે છે. ત્રિમૂર્તિ દત્ત મંદિરના આચાર્ય નવનીતભાઈ પાઠક પ્રેરણા સ્ત્રોત બની રહ્યા છે. ગાંધીનગર શહેરના નગરજનોને દર્શનાર્થે પધારવા પ્રમુખે ખાસ જણાવ્યું છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ

ચૉથા નોરતે ગરબા ગ્રાઉન્ડ ખેલૈયાઓ અને દર્શકોથી સંપૂર્ણપણે ભરાઈ ગયું

દિપ્તી દેસાઈ અને અમિત ઠક્કર દ્વારા ગીત-સંગીતની સંગતે રંગ જામી ગયો

ગાંધીનગર, તા. ૨૦

ચૉથા નોરતે ગાંધીનગર કલ્ચરલ ફોરમનું ગરબા ગ્રાઉન્ડ સમગ્રપણે ખેલૈયાઓ અને દર્શકોથી ભરાઈ ગયું હતું અને ચૉથા નોરતે જ આઠમ કે નોમ હોય એવો માહોલ સર્જાયો હતો. દિપ્તી દેસાઈ અને અમિત ઠક્કર સાથે જૂથે ગીત-સંગીતની સુંદર સંગત આપીને રંગ જમાવ્યો હતો.

જેમ જેમ નવરાત્રી આગળ વધતી જાય છે તેમ તેમ વધુ ને વધુ ગરબા ખેલૈયાઓ તથા દર્શકો ગાંધીનગર કલ્ચરલ ફોરમ તરફ વળતા જાય છે. દરેક નોરતે ગ્રાઉન્ડમાં ખેલૈયાઓ-દર્શકોની સંખ્યા સતત વધતી જાય છે. આ ગરબા ગ્રાઉન્ડમાં આરતી સાડા આઠ વાગ્યે શરૂ થઈ જાય છે અને ગરબા નવ વાગ્યે શરૂ થઈ જાય છે એ વાત હવે સૌ ગરબા રસિકો સુધી પહોંચી ગઈ હોય તેમ સાડા આઠ વાગે તો ગરબા રસિકોનું આગમન ગ્રાઉન્ડમાં ચાલુ થઈ જાય છે અને નવ વાગ્યા સુધીમાં તો ખેલૈયાઓ રમવા માટે તૈયાર થઈને ઊભા હોય છે. ઢોલની પહેલી દાંડીથી જ ખેલૈયાઓ રમી લેવા માટે મેદાનમાં ઊતરી પડે છે અને એ કારણે નવ વાગ્યાથી જ ગરબાનો માહોલ જામી જાય છે.

આમ તો આ ગરબા ગ્રાઉન્ડમાં રાજકીય અગ્રણીઓ અને મંત્રીઓ પણ ગરબા નિહાળવા માટે આવે છે. પરંતુ આ વખતે ચૂંટણીની આચારસંહિતા અમલી હોવાથી રાજકીય મહાનુભાવોએ ગરબા ગ્રાઉન્ડમાં આવવાનું ટાળ્યું છે. અલબત્ત, ઉચ્ચ સરકારી અધિકારીઓ, સનદી અધિકારીઓ પોતાના પરિવાર સાથે આવીને ગરબાની મોંજ માણી રહ્યા છે.

કલ્ચરલ ફોરમ દ્વારા પરંપરાગત રીતે થતા ગરબા કાર્યક્રમમાં ચોથા નોરતે તિબેટના સાંસદ નારો સિંગા અને તેમનાં પત્ની તથા કચ્છ મિત્ર દૈનિકના તંત્રી કીર્તિભાઈ ખત્રી તેમજ તેમનાં પત્ની ઉપસ્થિત રહ્યા હતાં. તેમણે સમગ્ર ગરબા કાર્યક્રમ નિહાળી આનંદની લાગણી વ્યક્ત કરી હતી અને ધાર્મિક પર્વની ઉજવણીની પરંપરા સાથે સંસ્કૃતિને સાચવી રાખવાના આ સ્તુત્ય પ્રયાસની પ્રશંસા પણ કરી હતી.

તિબેટીયન સાંસદના ગરબા ગ્રાઉન્ડમાં આગમનથી એક અનોખો યોગાનુયોગ સર્જાયો હતો. ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા ગ્રાઉન્ડમાં પ્રથમ નોરતે પૂ. ગુરુમાએ આરતી ઉતારી હતી અને ગરબા નિહાળ્યા હતા. એ પછી બીજા નોરતે યુરોપથી આવેલા કૅથલિક સમાજના ધાર્મિક મંડળે કલ્ચરલ ફોરમના ગરબા ગ્રાઉન્ડની મુલાકાત લીધી હતી અને ચોથા નોરતે તિબેટથી બૌદ્ધ ધર્મનું અગ્રણી એક યુગલ આ ગ્રાઉન્ડમાં ગરબા નિહાળવા માટે આવ્યું હતું. આમ, પર્વની ઉજવણી અને સંસ્કૃતિની જાળવણી સાથે કોમી ઐક્યનો યોગાનુયોગ પણ ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત આ ગરબા મહોત્સવમાં યોજાયો હતો.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ

ચૉથા નોરતાનું પરિણામ

કૅટેગરી	વિનર	રનર્સ અપ
ચાઈલ્ડ બૉય	ભવ્યરાજ રાઠોડ	કવન ભટ્ટ
ચાઈલ્ડ ગર્લ	પૃથા ભાવસાર	શ્રેયા ઠક્કર
કીડ બૉય	આયુષ તલાટી	જૈમિન મકવાણા
કીડ ગર્લ	અનમોલ પટેલ	રાજસી શાહ
ટીનેજર બૉય	યુગ પંડિત	રૂક્મીન સોની
ટીનેજર ગર્લ	મૈત્રી નાયક	તાન્યા શર્મા
ડ્રેસ પ્રિન્સ	નિસર્ગ પંડ્યા	રાજન કોસંબિયા
ડ્રેસ પ્રિન્સેસ	દિવ્યા પંડ્યા	દિપ્તી સોની
પૅર	અનુપમસિંહ ઝાલા પૂનમ રાવલ	ખુશ્બુ નાયક પ્રિયંકારાવલ
પરફોર્મન્સ પ્રિન્સ	સુશીલ જાદવ	અભિજીત ચારણીયા
પરફોર્મન્સ પ્રિન્સેસ	વૈદેહી મુંધવા	ધરતી પટેલ

નિર્ણાયક : ચિત્રાબેન શાહ, મીનાબેન શાહ, નયનભાઈ ઉપાધ્યાય

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૯
સૂર્યાસ્ત : ૬.૧૩

તાપમાન

મહત્તમ : ૩૭.૦ ડિ.સે. લઘુત્તમ : ૧૯.૮ ડિ.સે.
મોસમ કુલ વરસાદ : ૭૦૭ એમ.એમ.

ભેજનું પ્રમાણ

સવારે ૬૮ ટકા ● સાંજે ૩૮ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
ઓહ ! માય ગૉડ : ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૦.૦૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૨.૧૫, ૩.૧૫, ૯.૩૦
ઈંગ્લીશ વિંગ્લીશ : ૬.૪૫
: સ્ક્રીન-૪ :
શુદ્ર : ૧૦.૦૦, ૫.૦૦
ઐય્યા : ૧૨.૦૦
દિલ્હી સફારી : ૩.૦૦
મખ્ખી : ૭.૩૦, ૧૦.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ઓહ! માય ગોડ : ૧૦.૦૦, ૩.૦૦, ૮.૦૦, ૧૦.૩૦
દિલ્હી સફારી (૩ડી) : ૧૨.૩૦, ૫.૩૦
: સ્ક્રીન-૨ :
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૯.૪૫
ઓહ! માય ગોડ : ૧૨.૩૦, ૫.૧૫
ઈંગ્લીશ વિંગ્લિશ : ૨.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ઈંગ્લીશ વિંગ્લિશ : ૧૦.૧૫
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦
: સ્ક્રીન-૪ :
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૮.૩૦, ૧૧.૨૦, ૨.૦૫, ૪.૫૦, ૭.૩૫, ૧૦.૨૦

સૂર્યા, વાવોલ

મખ્ખી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
કોઈનું સિંદુર કોઈના માથે : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
ઓહ! માય ગોડ : ૧૨.૩૦, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ઓહ! માય ગોડ : ૧૧.૧૫
ભૂત રીર્ટન : ૨.૦૦, ૪.૦૦
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૬.૧૫
મખ્ખી : ૯.૪૫

ચિરાગ, કલોલ

ચુંદડીના સથવારે : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આંબેડકર હોલ

- સાબરકાઠા જિલ્લા રોહિત સમાજ સંઘ ગાંધીનગર દ્વારા બપોરે ૩.૦૦ કલાકે સામાજિક કાર્યક્રમ.

સામાજિક

- જલારામ મહિલા મંડળ ગાંધીનગર દ્વારા સેક્ટર-૨૯ ખાતે ગરબા હરીફાઈ બપોરે ૩.૩૦ કલાકે.

આપની આજ

મેષ : આજે ધન લાભ થવાની શક્યતા છે. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રમાં આવનારા તનાવ અને વિઘ્નો સમાપ્ત થવાના યોગ બની રહ્યા છે. જોખમી કામોમાં સાવચેતી રાખવી.

વૃષભ : પ્રયત્ન અને પરિશ્રમનું યોગ્ય ફળ પ્રાપ્ત મળી શકશે. માન-સન્માનમાં યશ-વૃદ્ધિ થશે. જીવનસાથીનો સહયોગ કાર્યોમાં મળી રહેશે. વ્યાપાર-વ્યવસાય સારો ચાલશે.

મિથુન : આપ ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરતા રહો. રાજયપક્ષનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. લગ્નઈચ્છુકો માટે લગ્નનાં પ્રસ્તાવ આવશે.

કર્ક : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં પૂરતી સફળતા પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય સંબંધી ચિંતાનું સમાધાન થશે. ઈચ્છાઓની પૂર્તિ થઈ શકે છે.

સિંહ : વ્યાપાર-વ્યવસાયક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સાહસનો લાભ મળી શકશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. સંતાનના આરોગ્ય સંબંધીત ચિંતાઓનું નિકારણ આવશે.

કન્યા : વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે. આવક કરતાં ખર્ચ ન વધે તેની તકેદારી રાખવી. આર્થિક તંગીની આશંકા છે.

તુલા : ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતા દૂર થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

વૃશ્ચિક : પ્રગતિવર્ધક સમાચાર મળી શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલા કાર્યોનું ફળ મળી શકશે. જૂના સંબંધો વધુ મજબૂત થશે.

ધન : અટવાયેલા અને અધુરા રહેલા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતા વધશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે અને દિવસ પ્રસન્નતાથી પસાર થશે.

મકર : મહત્વપૂર્ણ કાર્યો પર ખર્ચ થઈ શકે છે. લાભ મળવાના પણ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યનો યોગ.

કુંભ : નવા આર્થિક સાધનો પર કાર્ય થઈ શકશે. વ્યાપારમાં મુશ્કેલીઓ વધે નહી તેની કાળજી રાખવી. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા મળી શકે છે.

મીન : સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. વાદ-વિવાદથી દુર રહેવું. કોઈપણ વ્યક્તિ પર અતિ વિશ્વાસ ઠીક નથી.

ચિરવિદાય

- સ્વ. મંગાભાઈ ધનાભાઈ પટેલ (ઉ.વ.૫૮) મુ.પો. હાલીસા, તા., જિ. ગાંધીનગર
- સ્વ. પુનમાજી ભેરાજી ભીલ(ઉ.વ.૭૦) પ્લોટ નં. ૯૮, ઈન્દિરાનગર, સેક્ટર-૨૪, ગાંધીનગર